# બંધારણ

(૧) **ટ્રસ્ટનું નામ** – બાવીસ ગામ પટેલ સમાજ પ્રગતિ મંડળ, નડીઆદ.

(૨) **કાર્યાલય** – બી/૧૧, અનેકસી એવન્યુ, ઝલક પોસીસ ચોકીની સામે,
પેટલાદ રોડ, નડીઆદ.

(૩) **કાર્યક્ષેત્ર** – સમગ્ર ગુજરાત રાજ્ય પુરતુ રહેશે.

(૪) **હેતુ** – આ ટ્રસ્ટમાં હેતુઓ કોઈપણ જ્ઞાતી જાતીના ભેદભાવ સિવાય સાકાર કરવાનો રહેશે.

(૧) નડીઆદ શહેરમાં વસતા બાવીસ ગામ પાટીદાર સમાજના ગોળનાં પાટીદાર કુંટુંબો વચ્ચે પરિચય, સદ્‌ભાવ, સંગઠન અને સ્નેહભાવ કેળવવા.

(૨) સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પ્રગતિ હાંસલ કરવા પ્રયત્નો કરવા અને રીત–રીવાજો સમયાનુકૂળ સુધારવા.

(૩) બીન રાજકીય પ્રવૃતિઓ ઘ્વાર સામાજિક સંગઠન સાધવું.

(૪) બાવીસ ગામ પાટીદાર સમાજના ગોળની અન્ય સંસ્થાઓ સંપર્કમાં રહેવુ

(૫) સમાજના ઉત્કર્ષ માટે શૈક્ષણીક, સામાજીક, આર્થિક મદદ કરવી અને તે માટે બાલ મંદિર, પ્રાથમિક, માધ્યમિક શાળા, આશ્રમ શાળા, બાલવાડીઓ, મહાશાળા, આશ્રમ શાળા, પુસ્તકાલયો, અધ્યાપનમંદિરો, ટેકનીકલ તેમજ બીનટેકનીકલ અને શિક્ષણનાવર્ગો ટયુશન કલાસીસ, ચિલ્ડ્રન કેમ્પ, હોસ્ટેલ, ગણવેશ, શિષ્યવૃતિ સહાય, અને પુસ્તક અને નોટબુકનુ વિતરણ, કોમ્પ્યુટ કેન્દ્ર, વ્યવસાયલક્ષી અન્ય કાર્યશીલ પ્રવૃતિઓ કરવી.

(૬) લોકોને શારિરીક આરોગ્યની રીતે મદદ થઈ શકે તે રીતે શાળા કેન્દ્રો, હોસ્પીટલો, પ્રસુતીગ્રહો, બ્લડ ડોનેશન કેમ્પ, નેત્રદાન કેમ્પ, ગરીબ લોકો માટે મેડીકલ કેમ્પનું આયોજન કરવુ. ચલાવવા, સ્થાપવા, નિભાવવા.

(૫) **હીસાબી વર્ષ :–** ૧ લી એપ્રિલથી ૩૧ મી માર્ચ રહેશે.

(૬) **આવકના સાધનો :**

દાન, ભેટ,ફંડ, ફાળો, સભ્ય ફી, લવાજમ, પ્રવૃત્તિ આવક વિગેરે ઘ્વારા આવક ઉભી કરવામાં આવશે.

(૭) **સભ્યપદ અને તેના પ્રકાર :–**

પુખ્ત ઉંમરની નડીઆદ શહેરમાં વસતા અથવા મિલ્કતો ધરાવતા કે નોકરી કરતા, વેપાર ધંધો કરતાં કે અન્ય કોઈ હેતુથી વસેલા બાવીસ ગામ પાટીદાર સમાજના ભાઈ કે બહેન આ ટ્રસ્ટમાં નીચે જણાવેલ ફી આપીને સભ્ય પદ મેળવી શકશે.

**આજીવન સભ્ય :–** ઉપરની લાયકાત ધરાવતી વ્યકિત આ ટ્રસ્ટને રૂા.૧૦૦૦/– આપશે તેઓ આ ટ્રસ્ટના આજીવન સભ્યો કહેવાશે.

(૮) **સભ્યપદ રદ્દ થવાની બાબત :–**

કોઈપણ સભ્ય રાજીનામુ આપે, નાદાર જાહેર થાય તેવા છ માસ કરતાં વધારે કારોબારી સભ્યોની મંજુરી વિના વિદેશમાં રહે તેવા તમામ સંજોગોમાં કારોબારી ઠરાવ કરેથી તેઓ સભ્ય તરીકે આપોઆપ બંધ થયેલા ગણાશે અને સભ્યપદ ગુમાવશે.

(૯) **સામાન્ય સભ્યની ફરજો અને સત્તાઓ :–**

(૧) આ ટ્રસ્ટમાં નોંધાયેલા તમામ પ્રકારના સભ્યોની બનેલી સભાને સમાન્ય સભા કહેવામાં આવશે. સામાન્ય રીતે આવી સામાન્ય સભા હીસાબી વર્ષ પુરુ થયા પછી મોડામાં મોડી ત્રણ માસની અંદર ભરવામાં આવશે.

(૨) સામાન્ય સભામાં કારોબારી સમીતીની નીમણુક કરવામાં આવશે.

(૩) સામાન્ય સભામાં ટ્રસ્ટના વાર્ષિક હીસાબો મંજુર કરવામાં આવશે.

(૪) સામાન્ય સભા ભરવા માટે ઓછામાં ઓછા સાત દિવસ અગાઉ સભ્યોને લેખીત જાત અથવા મૌખીક જાણ કરવાની રહેશે અને ખાસ સંજોગોમાં પરીપત્રથી પણ તાકીદની મીટીંગ બોલાવી શકાશે.

(૫) મીટીંગો બોલાવવા માટે કારોબારી સમીતી જે તે વખતે ઠરાવે તેવી રીતે જાણ કરવામાં આવશે.

(૬) સામાન્ય સભા ૧/૩ સભ્યોની હશે તો જ કોરમ થયેલ ગણાશે અને તે સભામાં જરૂરી કાર્યવાહી ચાલુ કરી શકાશે.

(૧૦) **કારોબારી સમિતિની નીમણુંક બાબત :–**

આ ટ્રસ્ટમાં ઓછામાં ઓછા ૭ અને વધુમાં વધુ ૧૬ કારોબારી સભ્યોની દર ત્રણ વર્ષે સામાન્ય સભામાં આજીવન સભ્યોમાંથી સર્વાનુમતે નીમણુંક કરવામાં આવશે. મુદત દરમ્યાન કોઈપણ કારણોસર જગ્યા ખાલી પડે કે વધારાના કારોબારી સભ્ય લેવાના પ્રસંગે આજીવન સભ્યોમાંથી કારોબારી સમીતી પોતે બહુમતીથી તેવી જગ્યા ઉપર નિમણુક કરશે.

(૧૧) **કારોબારી સમિતીની ફરજો અને સત્તાઓ :–**

(૧) દર ત્રણ મહીને કારોબારી સમિતીની એક ખાસ બેઠક મળશે. તેમાં જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

(૨) ટ્રસ્ટની સ્થાવર મિલ્કતોની લે – વેચ, અદલો – બદલો, ગીરો, બક્ષીસ કરાર, ભાડાપટ્ટો વિગેરે વ્યવહારો કરવાનો થાય તો જે તે વખતના કાયદાને આધિન રહીને કરવામાં આવશે.

(૩) જરૂરીયાતના પ્રસંગે જે તે વખતના કાયદાના આધિન રહીને પેટા નિયમો બનાવી શકશે.

(૪) કારોબારી સમિતિની મીટીંગ બોલાવવા માટે ઓછામાં ઓછા સાત દિવસ અગાઉ જે તે વખતે કારોબારી સમિતિ ઠરાવે તે રીતે જાણ કરવામાં આવશે.

(૫) ખાસ સંજોગોમાં પરીપત્રથી કે મૌખિક જાણકારીથી પણ તાકીદની બેઠક બોલવવામાં આવશે.

(૬) ટ્રસ્ટના વાર્ષિક હિસાબો રજુ કરવા અંગેની કાળજી રાખશે, તેમજ વખતો વખત થતાં ફેરફારની જાણ પણ મદદનીશ ચેરીટી કમીશ્નરની કચેરીએ કરશે.

(૭) કારોબારી સભા બહુમતી સભ્યો હાજર હશે તો જ કોરમ થયેલ ગણાશે અને તે સભામાં જરૂરી કાર્યવાહી ચાલુ કરી શકાશે.

(૮) દર ત્રણ વર્ષે હોદ્દેદારોની નિમણુંક કરશે.

(૧૨) **હોદ્દેદારોની ફરજો અને સત્તાઓ :–**

**(૧) પ્રમુખ :–**

(અ) પ્રમુખ બને ત્યાં સુધી દરેક સભામાં હાજર રહીને કામકાજ સરળતાથી અને નિયમસર ચાલે છે કે કેમ ? તેની કાળજી રાખશે તેમજ દેખરેખ રાખશે.

(બ) કારોબારી સમિતિથી મીટીગો સામાન્ય સભા તથા અન્ય મીટીંગ બોલવવા માટે એજન્ડા મંત્રી / ઉપ પ્રમુખ પાસે કઢાવશે અથવા પોતે કરશે, સલાહ સુચનો આપશે તેમજ માર્ગદર્શન આપશે.

(ક) ટ્રસ્ટના વહીવટ માટે પગારદાર નોકરોને યોગ્ય મહેનતાણું આપવાનુ નકકી કરી રાખી શકશે.

(ડ) સરખા મત પડે તેવા પ્રસંગે પ્રમુખ વધારાનો એક મત આપી શકશે.

(૨) **ઉપપ્રમુખ :–** પ્રમુખની ગેરહાજરીમાં પ્રમુખ તરીકેની તમામ ફરજો અને સત્તાઓ ઉપપ્રમુખ બજાવશે તથા પ્રમુખ સ્થાનેથી સોંપવામાં આવે તે કામગીરીઓ બજાવશે.

(૩) **<u>મંત્રી :–</u>**

(અ) પ્રમુખશ્રીની સંમતીથી સામાન્ય સભા, કારોબારી સભા, ખાસ સામાન્ય સભાઓ વિગેરે બોલાવવા માટે પ્રમુખની સંમતિથી એજન્ડા કઢાવવા અને મુદ્રા નકકી કરવાની કામગીરી કરશે.

(બ) દરેક સભાના કામકાજની ટુંકી નોંધ ઠરાવબુકમાં કરી વખતો વખત કામકાજમાં મદદ રૂપ થશે.

(ક) સભાના સુચનો તથા ઠરાવો અમલમાં મુકવા તેમજ ટ્રસ્ટનો તમામ પ્રકારનો પત્રવ્યવહાર પ્રમુખશ્રીની સંમતીથી કરવો.

(ડ) વાર્ષિક નિવેદન તૈયાર કરવુ અને અંદાજપત્ર તૈયાર કરી કારોબારી સમીતી સમક્ષ રજુ કરવુ.

(ઈ) ખર્ચના મંજુર થયેલા અંદાજપત્ર પ્રમાણે આવેલા બીલો તપાસી મંજુર કરી ખર્ચ પાડવા સારૂ પ્રમુખશ્રીને મોકલવા.

(૪) **સહ મંત્રી :–** મંત્રીની ગેરહાજરીમાં મંત્રી તરીકેની તમામ કામગીરી સહમંત્રી કરશે અને વખતો વખત કામકાજમાં મંત્રીને મદદરૂપ થશે.

(૫) **ખજાનચી :–**

ટ્રસ્ટના તમામ આવક અને ખર્ચના હીસાબો રાખશે અને હીસાબી સાહીત્યની જારવણી કરશે.

(૧૩) **નાણાંકીય વ્યવસ્થા :–**

ટ્રસ્ટના ફંડ તથા મિલ્કતો ટ્રસ્ટની માલીકીની રહેશે. કોઈપણ સભાસદ તથા અન્ય વ્યકિતનો તેના ઉપર વ્યકિતગત માલીકી હકક ફરી કરી શકશે નહી. નાણાંકીય લેવડ દેવડ કોઈપણ બે વ્યકિત એટલે પ્રમુખ, મંત્રી અથવા ખજાનચી પૈકી કોઈપણ બે જણાની સંયુકત સહીથી કરવામાં આવશે જેમાં પ્રમુખશ્રીની સહી ફરજીયાત કરવાની રહેશે. ટ્રસ્ટના નાણાં માન્ય બેંકમાં રાખવામાં આવશે.

(૧૪) **બંધારણમાં ફેરફાર બાબત :–**

આ બંધારણમાં ફેરફાર કરવાની સંજોગો વસાત જરૂર પડે તો સામાન્ય સભામાં હાજર રહેલા સભ્યોની મંજુરી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ – ૧૯૫૦ ની કલમ – ૨૨ ની જોગવાઈઓ અનુસાર મદદનીશ ચેરીટી કમીશ્નરની મંજુરી મેળવી કરી શકશે.

(૧૫) **ટ્રસ્ટના વિસર્જન બાબત :–**

કોઈપણ એવા કારણસર ટ્રસ્ટનુ વિસર્જન બંધ થશે તો ટ્રસ્ટની કોઈપણ મિલ્કત તેના સ્થાપક પ્રમુખ, ટ્રસ્ટી, દાતા અથવા સભ્યને મળશે નહી. પરતું જવાબદારીઓ ચુકવ્યા બાદ રહેતી મિલ્કત આવા સમાન હેતુ ધરાવતા તેમજ આવી સરખે પ્રવૃતિ કરતા ટ્રસ્ટને ધી ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ ની જોગવાઈઓ આધીન રહી ચેરીટી કમીશ્નરને પૂર્વ મંજુરી મેળવી ટ્રાન્સફર કરી શકશે.

સદરહુ બંધારણની ખરી નકલ છે.

તા–૮–૪–૨૦૨૨.
સ્થળ– નડીઆદ.

| **ક્રમ** | **ટ્રસ્ટીનું નામ** | **સહીઓ** |
|---|---|---|
| **૧** | **હીનલકુમાર જગદીશભાઈ પટેલ** | |
| **૨** | **ભૂપેન્દ્રકુમાર મણીભાઈ પટેલ** | |
| **૩** | **સ્નેહલકુમાર નરેન્દ્રભાઈ પટેલ** | |
| **૪** | **દીપકકુમાર મહેન્દ્રભાઈ પટેલ** | |
| **૫** | **પ્રમોદભાઈ મણીભાઈ પટેલ** | |
| **૬** | **રીકેન અશોકભાઈ પટેલ** | |
| **૭** | **ઉમેશકુમાર ચંદુભાઈ પટેલ** | |
| **૮** | **નયનેન્દુકુમાર ઈન્દુભાઈ પટેલ** | |
| **૯** | **કીર્તીભાઈ જયંતીભાઈ પટેલ** | |

| | | |
|---|---|---|
| ૧૦ | સુનીલકુમાર અરવિંદભાઈ પટેલ | |
| ૧૧ | આશીષકુમાર રાવજીભાઈ પટેલ | |
| ૧૨ | ભૂપેન્દ્રભાઈ ગોરધનભાઈ પટેલ | |
| ૧૩ | ભાવેશકુમાર સુમનભાઈ પટેલ | |
| ૧૪ | અનીલકુમાર ડાહયાભાઈ પટેલ | |
| ૧૫ | જીગ્નેશકુમાર મનુભાઈ પટેલ | |
| ૧૬ | મહેશભાઈ કનુભાઈ પટેલ | |